ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૦/૨૦–૨૧/ 1069 તારીખ : 25 MAR 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**ગુજરનાર દિલાવરભાઈ વિરજીભાઈ**
**ભેડા ના વારસ,**
**શ્રી સુરેશભાઈ ડી ભેડા,**
**મું.કોળીયાક,**
**તા.જી.ભાવનગર.**
**મો.નં.**

કેસ નં.૭૦/૨૦–૨૧

**વિષય : વિજ બિલ રદ કરી આપવા તથા નવું કનેકશન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૫/૧૨/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૬/૧૨/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૦/૨૦–૨૧/૪૪૬૨ તા.૨૮/૧૨/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૦/૨૦–૨૧/૪૯૨ તા.૦૮/૦૨/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૦/૨૦–૨૧/૮૦૦ તા.૦૪/૦૩/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૦/૦૩/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી–૨, **ભાવનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાંણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ઘોઘા.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૭૦/૨૦–૨૧</u> ☜

વાદી :– **ગુજ. દિલાવરભાઈ વિરજીભાઈ ભેડા ના વારસ શ્રી ભેડા સુરેશભાઈ દિલાવરભાઈ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૧૦/૦૩/૨૦૨૧</u>** ◈

હાજર રહયા :– **શ્રી ભેડા સુરેશભાઈ દિલાવરભાઈ – (વાદી ના વારસદાર)**

પ્રતિવાદી :– **કું. એસ.ટી.ગુજરાતી,નાયબ ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

ગુજ.દિલાવરભાઈ વિરજીભાઈ ભેડા ના વારસદાર શ્રી ભેડા સુરેશભાઈ દિલાવરભાઈ, મું.કોળીયાક, તા.જી.ભાવનગર ની વિજ બિલ રદ કરી આપવા તથા નવું કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૦/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૦/૨૦–૨૧/૪૪૬૨ તા.૨૮/૧૨/૨૦૨૦ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૫/૦૨/૨૦૨૧ તથા તા.૧૦/૦૩/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **<u>તા.૧૦/૦૩/૨૦૨૧</u>** ના રોજ વાદી ગુજ.દિલાવરભાઈ વિરજીભાઈ ભેડા ના વારસદાર શ્રી ભેડા સુરેશભાઈ દિલાવરભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે કું.એસ.ટી.ગુજરાતી, નાયબ ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની ફોરમ સમક્ષ ની તા.૨૮/૧૨/૨૦૨૦ ની રજૂઆત મુજબ તેઓના પિતાશ્રી અવસાન પામેલ છે. તેમજ તેમના પિતાજી દ્વારા કોઈ વિજ કનેકશન મેળવવા કયારેય અરજી કરેલ નથી.

૧.૨ તેઓ જયારે પીજીવીસીએલ માં નવું વિજ જોડાણ મેળવવા અરજી કરેલ ત્યારે તેમને દિલાવરભાઈ વિરજીભાઈ ભેડા નામનું ગ્રાહક નં–૬૦૨૧૫/૦૧૫૪૯/૭ NRGP નું વિજ બિલ રકમ રૂ.૨,૪૯,૮૧૫/– ભરવા જણાવે છે.

૧.3 વારંવાર ધક્કા ખાવા છતાં અમને ન્યાય ન મળતા માહિતી અધિકાર તળે માહિતી માંગવાની અમોને ફરજ પડેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૪ અમારા દ્વારા લાઈટ વાપરેલ ન હોવાથી સદર બિલ રદ કરી નવું વિજ જોડાણ આપવા પીજીવીસીએલ ઘોઘાને હુકમ કરશો.

**પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**

૨.૧ અરજદારશ્રી ના જણાવ્યા મુજબ તેઓ કોળીયાક મુકામે વેપાર ધંધો કરી ગુજરાન ચલાવે છે.

૨.૨ કોળીયાક ગામમાં અરજદાર જે જગ્યા પર પોતાની દુકાન ધરાવે છે તે સ્થાન પર મીટર લાગેલ હોઈ પરંતુ, તેનું બિલ આવતું ન હોઈ અત્રેની કચેરી ખાતે ફરજ બજાવતા મીટર રીડર દ્વારા નોન બિલીંગની માહિતી આપવામાં આવેલ. જેમાં મીટર નં–૦૦૦૧૬૯૧૫ અને ૨૮૦૦૦ KWH દર્શાવેલ.

૨.૩ તેમજ ઓડીટ ટીમ દ્વારા મીટર રીડર ના રીપોર્ટના આધારે સદર કેસ અંગે રીકવરી કાઢેલ.

૨.૪ સદર નોન બિલીંગ કેસ ને રેગ્યુલરાઈઝ કરવાના હેતુથી વધુ તપાસ કરતા, તે સ્થળ પર અરજદાર મીટર નંબર – ૦૦૦૧૬૯૧૫ થી વિજ વપરાશ કરતા હતા તે જાણવા મળેલ હતું.

૨.૫ આથી ઘોઘા પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૧૨/૧૨/૨૦૧૯ ના રોજ પ્રફોર્મા નં–૪૦૪૮ થી ઉપરોકત મીટર નં – ૦૦૦૧૬૯૧૫ ગ્રાહક પ્રતિનિધિ શ્રી યજ્ઞેશભાઈ સુરેશભાઈ ભેડા ની હાજરીમાં બદલાવી સ્થળ પર નવું ૦૪૫૯૦૬૩૩ નંબર વાળું મીટર લગાડી કનેકશન રેગ્યુલરાઈઝડ કરેલ. જેનો ગ્રાહક નં–૬૦૨૧૫/૧૫૪૯૬/૭ થી ક્રીએશન કરવામાં આવેલ.

૨.૬ ત્યારબાદ, તા.૧૨/૧૨/૨૦૧૯ ના રોજ પ્રફોર્મા નં–૪૦૪૮ થી ઉપરોકત મીટર નં–૦૦૦૧૬૯૧૫ બદલાવેલ હતું તે મીટર લેબોરેટરીમાં તા.૧૩/૭/૨૦૨૦ ના રોજ ચકાસતાં મીટરનો રીપોર્ટ બરાબર આવેલ તેમજ મીટર માં છેલ્લા રીડીંગ ૩૧૦૪૧ રીડીંગ આવેલ. જેથી તે રીડીંગ મુજબનું બિલ રૂા.૨,૪૫,૬૮૫/૬૦ ભરપાઈ કરવા માટે અરજદારશ્રી ને પત્ર નં – GSD/3366 dtd.03.09.2020 થી નોટીસ પાઠવેલ તેમજ ગ્રાહક નં– ૬૦૨૧૫/૧૫૪૯૬/૭ માં ડેબીટ આપવામાં આવેલ.

૨.૭ ત્યારબાદ, અરજદાર દ્વારા પેટા વિભાગીય કચેરી, ઘોઘા ખાતે ગ્રાહક નં–૩૭૮૧૫/૦૦૭૦૬/૬ ગ્રાહક નામ– ભેડા મુકેશભાઈ દિલાવરભાઈ દર્શાવતી તા.૫/૧/૨૦૧૧ ની પહોંચ રજૂ કરવામાં આવેલ અને ઓફીસમાં મૌખિક જણાવેલ કે, તેમના દ્વારા રજૂ કરેલ પહોંચમાં જે ગ્રાહક નંબર નો ઉલ્લેખ થયેલ છે તે કનેકશન તેઓ ધરાવતા હતા અને તેમાંથી જ તેઓ પોતાના વ્યવસાય અંગેની જગ્યા પર વપરાશ કરતા હતા.

૨.૮ અરજદારશ્રી દ્વારા રજૂ કરાયેલ ઉપરોકત પહોંચમાં દર્શાવેલ ગ્રાહક નં–૩૭૮૧૫/૦૦૭૦૬/૬ ની વધુ તપાસમાં જાણવા મળેલ છે કે, સદર વિજ જોડાણ તા.૧૪/૧૦/૨૦૦૩ ના રોજ હાલ મામસા(Old Tansa)પેટા વિભાગીય કચેરી માં ૦.૫ KW Load સાથે રીલીઝ થયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૯ સદર વિજ જોડાણ નું તા.૨૩/૧/૨૦૦૯ સુધી નું ટોટલ ૯૮૧ યુનિટ સુધી બિલીંગ થયેલ છે. ત્યારબાદ, ફેબ્રુ–૨૦૦૯ થી ૨૬ (X) તેમજ એલ.ટી.બિલીંગમાંથી ડીલીટ થઈ ગયેલ જણાય આવેલ હતું ૨.૧૦ વધુમાં, ગ્રાહક નં–૩૭૮૧૫/૦૦૭૦૬/૬ દર્શાવતા વિજ જોડાણમાં જે તે સમયે લાગેલ મીટર નં–૦૦૦૧૬૯૧૫ છે જે મીટર નંબર તા.૧૨/૧૨/૨૦૧૯ ના રોજ પ્રફોર્મા નં–૪૦૪૮ થી બદલાવેલ હતું તે જ છે. જેથી સ્પષ્ટ જણાય આવેલ છે કે, અરજદાર દ્વારા ઉપરોક્ત બદલાવેલ મીટરમાંથી ઘણા લાંબા સમયથી તેની દુકાન પર જ વિજ વપરાશ કરેલ છે.

૨.૧૧ આમ, ઉપરોક્ત હકીકતો તપાસતા જણાઈ આવેલ છે કે, અરજદાર દ્વારા પોતાનો જે વ્યવસાય ચલાવતા હતા તે સ્થળ પર જ ઉપરોક્ત મીટર નં–૦૦૦૧૬૯૧૫ લાગેલ તેમજ તેમના દ્વારા જ ઈલેકટ્રીસીટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. તેમજ આપશ્રીને વધુમાં જણાવવાનું કે, તેમને ત્યાં નવું મીટર નં–૦૪૫૯૦૬૩૩ તા.૧૨/૧૨/૧૯ ના રોજ ગ્રાહક પ્રતિનિધિ શ્રી યજ્ઞેશ સુરેશભાઈ ભેડા ની હાજરીમાં લગાવેલ તેમજ તેને રેગ્યુલરાઈઝડ કરી ગ્રાહક નં–૬૦૨૧૫/૧૫૪૯૬/૭ થી દિલાવરભાઈ વિરજીભાઈ ભેડા ના નામે કનેકશન ચાલુ કરી સમયાંતરે બિલ આપવાનું શરૂ કરેલ. તેમાં જણાય આવેલ કે, તા.૧૨/૧૨/૨૦૧૯ થી જે નવું મીટર લગાવેલ તેમાં પણ તેમના દ્વારા પોતાના વ્યવસાય ની જગ્યા, જયાં જુનું મીટર ૦૦૦૧૬૯૧૫ લાગેલ હતું ત્યાં નવા મીટરમાં પણ તેમના દ્વારા ૧૦૯૫ યુનિટ નો વિજ વપરાશ કરેલ છે.

૨.૧૨ સદર ગ્રાહક ખાતે પીજીવીસીએલની કુલ રૂા.૨,૫૨,૧૦૭/૮૭ જેટલી મોટી રકમ લેણી હોય તા.૩૦/૧૦/૨૦ ના રોજ સ્થળ પરથી મીટર નં–૦૪૫૯૦૬૩૩ ઉતારેલ છે. જેનું તા.૧૯/૧૨/૨૦૨૦ ના રોજ લેબમાં ચકાસણી કરતાં, મીટર બરાબર જણાયેલ છે. તેમજ મીટરમાં છેલ્લા રીડીંગ ૧૨૮૩ નોંધાયેલ છે.

૨.૧૩ વધુમાં, આપશ્રી ને જણાવવાનું કે, અરજદારની રજૂઆત ને આધારે અત્રેની કચેરી દ્વારા કુલ રકમ રૂા.૨,૪૫,૬૮૫/૬૦ નું બિલ આપેલ તેમાં સમયાંતર મુજબના ટેરીફ પ્રમાણે ફરી ગણતરી કરેલ છે. જે મુજબ મીટર નં–૦૦૦૧૬૯૧૫ માં રીપ્લેસ કર્યા સમયના (તા.૧૨/૧૨/૨૦૧૯) છેલ્લા રીડીંગ ૩૧૦૪૧ માંથી બિલ્ડ યુનિટ ૯૮૧ બાદ કરતાં, ટોટલ ૩૦૦૬૦ અનબિલ્ડ યુનિટનું ફેબ્રુઆરી–૨૦૦૯ થી ડિસેમ્બર–૨૦૧૯ સુધીના એટલે કે, ટોટલ ૧૩૦ માસ મુજબ સમયાંતર મુજબના ટેરીફ પ્રમાણે ગણતરી કરેલ છે.

૨.૧૪ જે મુજબ સુધારેલ બિલ રૂા.૨,૧૯,૧૦૭/૦૫ તેમજ તેમનું બિલ નવા મીટરમાં નોંધાયેલ વપરાશ સાથેનું રૂા.૨,૨૭,૬૩૭/૦૨ થાય છે તેમજ જેની ગણતરી શીટ આ સાથે સામેલ છે.

૨.૧૫ આમ, રૂા.૨,૨૭,૬૩૭/૦૨ બિલ ગ્રાહકે ભરવાપાત્ર છે.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી દિલાવરભાઈ વિરજીભાઈ ભેડા ના વારસ સુરેશભાઈ દિલાવરભાઈ ભેડા, ગામ–કોળીયાક તા.ઘોઘા એ ફોરમને રજૂઆત કરેલ છે કે, તેઓ નવું વિજ જોડાણ લેવા માટે પ્રતિવાદી ની ઘોઘા પેટા વિભાગીય કચેરી માં અરજી કરતા પ્રતિવાદીએ વાદીના પિતા દિલાવરભાઈ વિરજીભાઈ ભેડા ના જુના વિજ જોડાણ સામે રકમ રૂા.૨,૪૯,૮૫૦/– ની વસુલાત બાકી છે તેવું જણાવી વિજ જોડાણ આપતા નથી.

૩.૨ વાદીની રજૂઆત સામે પ્રતિવાદીએ રજૂ કરેલ જવાબ તેમજ આધારભૂત દસ્તાવેજો પરથી નીચે મુજબના અવલાકનો છે.

(૧) ગામ– કોળીયાકમાં મુકેશભાઈ દિલાવરભાઈ ભેડા ગ્રાહક નં–૩૭૮૧૫/૦૦૭૦૬/૬ થી વિજ જોડાણ ધરાવતા હતા. જે તે સમયે આ ગામ–કોળીયાક તણસા હાલ મામસા પેટા વિભાગીય કચેરીમાં તા.૧૪/૧૦/૨૦૦૩ ના રોજ ચાલુ કરવામાં આવેલ અને વિજ જોડાણ નું નિયમીત રીતે વિજ બિલ આપવામાં આવતું. આ વિજ જોડાણ નું તા.૨૩/૧/૨૦૦૯ સુધી ૯૮૧ યુનિટ સુધીનું બિલીગ થયેલ છે.

(૨) ત્યારબાદ, પ્રતિવાદી ની મામસા પેટા વિભાગીય કચેરી નું બાયફરકેશન થતાં, ગામ–કોળીયાક નવા ઘોઘા પેટા વિભાગીય કચેરી માં મૂકાયેલ. આ ફેરફારમાં મુકેશભાઈ દિલાવરભાઈ ભેડા નું વિજ જોડાણ રજૂ કરેલ રેકર્ડ મુજબ ''X'' ગણી ડીલીટ થયેલ. જેથી, જાન્યુ–૨૦૦૯ પછી મુકેશભાઈ દિલાવરભાઈ ભેડા નું વિજ જોડાણ ગ્રાહક નં–૩૭૮૧૫/૦૦૭૦૬/૬ નું વિજ વપરાશનું બિલીંગ કરવામાં આવતું નથી. પરંતુ, સ્થળ પર વિજજોડાણ વપરાશમાં હતુ અને ચાલુ હતું.

(૩) પ્રતિવાદી ના ઘોઘા સબ ડિવિઝન ના મીટર રીડરે તા.૪/૫/૨૦૧૯ ની મૂકેલ ઓફીસ નોટ માં જણાવેલ છે કે, દિલાવરભાઈ વિરજીભાઈ ભેડા C/O ક્રિષ્ના પાન, મીટર નં–૦૦૦૧૬૯૧૫ કે જેના મીટર રીડીંગ ૨૮૦૦૦ છે તે વિજ જોડાણ વર્ષો થી ચાલુ છે અને બિલીગ થતું નથી.

મીટર રીડર ની ઉપર મુજબ ની નોંધ પરથી પ્રતિવાદીની ઘોઘા કચેરી એ મીટર નં–૦૦૦૧૬૯૧૫ ને તા.૧૨/૧૨/૨૦૧૯ ના રોજ મીટર ચેન્જ પ્રફોર્મા નં–૪૦૪૮ થી અરજદાર ના પ્રતિનિધિ યજ્ઞેશભાઈ સુરેશભાઈ ભેડા ની હાજરીમાં બદલાવેલ અને સ્થળ પર નવું મીટર નં–૦૪૫૯૦૬૩૩ લગાડી તેને નવો ગ્રાહક નં–૬૦૨૧૫/૧૫૪૯૬/૭ થી નિયમીત વિજ જોડાણ કરવામાં આવેલ.

(૪) તા.૧૨/૧૨/૨૦૧૯ ના રોજ બદલાવેલ મીટર નં–૦૦૦૧૬૯૧૫ ને તા.૧૩/૭/૨૦૨૦ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબોરેટરી માં તપાસતાં, તેમાં મીટર રીડીગ ૩૧૦૪૧ જોવા મળેલ. આથી, પ્રતિવાદી ની કચેરીએ વાદીને જાન્યુ –૨૦૦૯ થી ડિસે–૨૦૧૯ (આશરે ૧૦ વર્ષ) દરમ્યાન થયેલ વિજ વપરાશ નું વિજ બિલ રૂા.૧,૪૫,૬૮૫/૬૦ ભરવાનું જણાવેલ.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(૫) ત્યારબાદ, તા.૩૦/૧૦/૨૦૨૦ ના રોજ વાદીના વિજ બિલ ની બાકી નીકળતી લહેણી રકમ કુલ રૂા.૨,૫૨,૧૦૭/– થતી હોઈ, પ્રતિવાદી એ તા.૧૯/૧૨/૨૦૨૦ ના રોજ વાદીનું મીટર સ્થળ પરથી દૂર કરી વિજ જોડાણ કાપી નાંખેલ. જે સમયે ઉતારેલ મીટર નં–૦૪૫૯૦૬૩૩ માં છેલ્લા મીટર રીડીંગ ૧૨૮૩ નોંધાયેલ.

(૬) પ્રતિવાદીએ વાદીને તેના વિજ બિલ ની બાકી રકમ માંથી તા.૨૩/૧/૨૦૦૯ સુધીની ૯૮૧ યુનિટ ની વિજ વપરાશના બિલ ની રકમ બાદ કરતા, તેમજ બાકીના વિજ વપરાશના યુનિટ ૩૦૦૬૦ કે જે ફેબ્રુ–૨૦૦૯ થી ડિસે – ૨૦૧૯ સુધીની વિજ વપરાશ હતી. તેને ૧૩૦ માસમાં વહેંચી જે તે સમયના ટેરીફ પ્રમાણે બિલ બનાવતા તે બિલ ની રકમ રૂા.૨,૧૯,૧૦૭/– અને નવા મીટરમાં નોંધાયેલ વિજ વપરાશની રકમ સાથે કુલ વિજ બિલ ની રકમ રૂા.૨,૨૭,૬૩૭/૦૨ થાય છે.

૩.૩ પ્રતિવાદીએ ભેડા મુકેશભાઈ દિલાવરભાઈ ગ્રાહક નં–૩૭૮૧૫/૦૦૭૦૬/૬ નો બિલીંગ એકાઉન્ટ લેઝર રજૂ કરેલ છે. આ બિલીંગ એકાઉન્ટ સપ્ટે–ઓકટો–૨૦૦૩ થી ડિસે–જાન્યુ–૨૦૦૯ સુધીનું તેમજ ત્યાર પછી ફેબ્રુ–માર્ચ–૨૦૦૯ થી વિજ જોડાણ નું ''X'' સ્ટેટસ (PDC) બતાવે છે.

આ ગ્રાહક પર વાદીએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા પ્રમાણે જે તે સમયે મીટર નં–૦૦૦૧૬૯૧૫ લગાડેલ હતું. જેનું વિજ વપરાશનું બિલીંગ રજૂ કરેલ લેઝર મુજબ સપ્ટે–ઓકટો–૨૦૦૩ બિલ્ડ ઈન નવે–૨૦૦૩ થી ડિસે–જાન્યુ–૨૦૦૯ થી બિલ્ડ ઈન ફેબ્રુ–૨૦૦૯ સુધી છેલ્લા રીડીંગ ૯૮૧ સુધીનું બિલીંગ થયેલ છે અને ત્યારબાદ, ''X'' સ્ટેટસ કરી બિલ કરવામાં આવેલ છે.

૩.૪ ઉપર મુજબ ના દસ્તાવેજી પુરાવાઓ અરજદારની PRT બિલીંગ રેકર્ડસ તેમજ વાદી, પ્રતિવાદી ની રૂબરૂ રજુઆત પરથી તારણ કાઢવામાં આવે છે કે, વાદીના વિજ સ્થાપન પરનું લગાડેલ મીટર નં–૦૦૦૧૬૯૧૫ નું વિજ વપરાશનું બિલ તા.૨૩/૧/૨૦૦૯ સુધી થયેલ છે. ત્યારબાદ, કોળીયાક ગામ મામસા (Old Tansa) માંથી ઘોઘા પેટા વિભાગીય કચેરી હેઠળ મૂકાતા ફેબ્રુ–૨૦૦૯ થી ડિસે–૨૦૧૯ સુધી પ્રતિવાદી દ્વારા વિજ વપરાશનું બિલીંગ કરવામાં આવેલ નથી. તેમજ વાદી અરજદાર વિજ વપરાશ કરતા હોવા છતાં, વિજ બિલ મળતા ન હતા તેવી કોઈ પ્રતિવાદી ની કચેરી ને જાણ નથી કરી અને આશરે ૧૦ વર્ષ સુધી વાદીએ વિજ વપરાશ કરેલ છે અને તે વિજ વપરાશ નેટ ૩૦૦૬૦ યુનિટ ની વિજ વપરાશ કરેલ છે જેથી રૂા.૨,૨૭,૬૩૭/– થાય છે જે વાદીએ ભરવાપાત્ર થાય છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.